### શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા

# આઈટીઆઈમાં બાયોમેટ્રીક હાજરીની શરૂઆત કરાઈ

## ટેકનોલોજીના ઉપયોગથી સરકાર સંચાલિત ૨૮૭ જેટલી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં પારદર્શકતા લાવવાની અપેક્ષા

ગાંધીનગર, તા. ૯

ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ (આઈટીઆઈ)માં પારદર્શકતા લાવવાના મહત્વના નિર્ણય તરીકે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગે આઈટીઆઈમાં સ્ટાફ માટે બાયોમેટ્રીક હાજરીનો પ્રારંભ કર્યો છે.

ગુજરાત સરકાર ૨૮૭ ઓદ્યોગિક તાલીમ સંસ્થા (આઈટીઆઈ) ચલાવે છે, જેમાં વિવિધ ટ્રેડની અભ્યાસ ક્રમો અને તાલિમ આપવામાં આવે છે. આ સંસ્થાઓમાંથી ૨૦૭ આઈટીઆઈમાં હાજરીની બાયોમેટ્રીક પધ્ધતિ દાખલ કરી દેવામાં આવી છે. આ તાલિમ સંસ્થાઓના લગભગ ૪,૩૦૦ ઈન્સ્ટ્રકટર્સની બાયોમેટ્રીક હાજરી પધ્ધતિ માટે નોંધમી કરી દેવામાં આવી છે.

શ્રમ અને રોજગાર વિભાગના અધિક મુખ્ય સચિવ વિપુલ મિત્રા જણાવે છે કે "બાકીની આઈટીઆઈ માટે બાયોમેટ્રીક ડિવાઈસીસ મેળવવાની કામગીરી પ્રગતિમાં છે. આ સંસ્થાઓમાં પણ આ મહિનાના અંત સુધીમાં આ પધ્ધતિ ગોઠવાઈ જશે."

તેઓ વધુમાં જણાવે છે કે "આ સમગ્ર પધ્ધતિ કોમ્પ્યુટરાઈઝ હોવાને કારણે બાયોમેટ્રીક હાજરી પધ્ધતિથી આઈટીઆઈની કામગીરીમાં વ્યાપક પારદર્શકતા હાંસલ થશે અને કર્મચારીઓની હાજરીમાં અનિયમિતતા ભૂતકાળની બાબત બની જશે. "

બાયોમેટ્રીક હાજરી પધ્ધતિની શરૂઆત એ ગુજરાત સરકારે આઈટીઆઈના અપગ્રેડેશન માટે હાથ ધરેલાં સંખ્યાબંધ પગલાંમાંનુ એક છે.

આઈટીઆઈની ૫૨,૦૦૦થી વધુ બેઠકો ગયા વર્ષે નેશનલ કાઉન્સિલ ઓફ વોકેશનલ ટ્રેઈનીંગ(NCVT) સાથે જોડવામાં આવી છે, જેનાથી વિદ્યાર્થીઓને તાલિમ અને કૌશલ્યની ની બહેતર ગુણવત્તા અને તેમની રોજગારની તકોને ગતિ મળશે.

સમાન પ્રકારે રાજ્ય સરકારે ૧૮ આઈટીઆઈમાં ક્રાફટ ઈન્સ્ટ્રકટર ટ્રેઈનિંગ સ્કીમ (CITS) ના અભ્યાસક્રમ મુજબ ઈન્સ્ટ્રકટરને તાલિમ આપવાનુ શરૂ કરી દીધુ છે. જેનો આઈટીઆઈમાં ત્રણ વર્ષ કે તેથી ઓછા સમયથી સેવા આપતા ૬૦૦થી વધુ ઈન્સ્ટ્રકટરને લાભ મળશે તેવી અપેક્ષા છે. ૨૩૦૦થી વધુ જેમની નિમણુક કરવાની પ્રક્રિયા ચાલી રહી છે તેવા સુપરવાઈઝર ઈન્સ્ટ્રકટર્સને પણ આ ગતિવિધીનો લાભ મળશે.

### ગાંધીનગરની સરકારી ઈજનેરી કૉલેજ ખાતે

# ટૂંકા ગાળાનો તાલીમ કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા. ૯

ઉચ્ચ શિક્ષણના તાબા હેઠળના મેટલર્જી વિભાગ, સરકારી ઈજનેરી કોલેજ, સેકટર-૨૮, ગાંધીનગર ખાતે સાપ્તાહિક ટૂંકા ગાળાની તાલીમ (STTP) 'પ્રોસેસિંગ એન્ડ કેરકટરિઝેશન ઓફ મટિરિયલ્સ' (PCM ૨૦૧૯)નું આયોજન IIM (ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેટલ્સ)ના સંયોજનથી તારીખ ૪ થી ૮ નવેમ્બર, ૨૦૧૯ દરમિયાન કરવામાં આવ્યું હતું.

આ તાલીમના સંયોજક મેટલર્જી વિભાગના પ્રાધ્યાપકો ડી. જી. શર્મા તથા ડી. વી. મહંત હતા. ઉપરોક્ત તાલીમમાં ગુજરાત રાજ્યની વિવિધ ઈજનેરી કોલેજો અને પોલીટેકનીકો ખાતેથી ૩૦ પ્રાધ્યાપકોએ ભાગ લીધો હતો, જેનો મુખ્ય હેતુ પ્રાધ્યાપકોને મટિરિયલ્સની આધુનીક પ્રક્રિયા અને તેના વિવિધ કેરકટરિઝેશન વિષયની તજજ્ઞો દ્વારા તાલીમ આપવાનો હતો. તાલીમનું ઉદઘાટન જી. ટી. પંડ્યા, ડાયરેકટર, ટેકનીકલ શિક્ષણ વિભાગના હસ્તે ડૉ. સ્વેતા. પી. દવે, આચાર્ય, સરકારી ઈજનેરી કોલેજ, ગાંધીનગર, ડૉ. આઇ. બી. દવે, મેટલર્જી વિભાગના વડા, ડૉ. એસ. ડી. કહાર, ચેરમેન, ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેટલસ, બરોડા ચેપટર તથા વિવિધ ખાતાના વડાઓની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું.

## જન્મદિને વધામણી



મિત
બિપીનકુમાર સોલંકી
મો. ૯૪૨૬૨ ૭૨૦૯૯



નોવા
પરિમલ શ્રીમાળી



આલીયા
પરિમલ શ્રીમાળી

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# એસએસવીના આંગણે મિસ્ટર કેલક્યુલેટર



જી.સી.ઈ.આર.ટી, ગાંધીનગર પ્રેરિત જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, ગાંધીનગર તથા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર દ્વારા ચામુંડા પ્રાથમિક શાળા તથા એસ.એસ.વી.કેમ્પસ, સેકટર - ૩/બી , ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે ગાંધીનગર જિલ્લાની પ્રાથમિક શાળાઓ માટેના જિલ્લા કક્ષાના વિજ્ઞાન-ગણિત અને પર્યાવરણ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં અક્ષય ખત્રી ઉપસ્થિત રહયા હતા, જેઓ મિસ્ટર કેલક્યુલેટરના નામથી જાણીતા છે. તેમણે બાળકોને પ્રશ્નોતરી કરી હતી અને તેમના દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નોના સંતોષકારક જવાબો પાઠવ્યા હતા. એમના ઝડપી જવાબોના કારણે તેમજ તેમની ટેકનીક્ના કારણે બાળકોનું કુતૂહલ ખૂબ જ વધી ગયું હતું.

### ગુટેરસના રીપોર્ટમાં થયો ચોંકાવનારો ખુલાસો

# ૨૦૫૦ સુધીમાં જળવાયુ પરિવર્તનથી ૩૦ કરોડ લોકો સમુદ્રમાં ડૂબી જશે

ગાંધીનગર, તા. ૯

દુનિયા જો કલાઈમેટ ચેન્જના કારણે આવી રહેલા બદલાવોને રોકવા માટે સંયુક્ત રીતે પ્રયાસ નહી કરે તો ૨૦૫૦ સુધીમાં ૩૦ કરોડ લોકો દરિયામાં તણાઈ જશે તેવી ચેતવણી યુએનના પ્રમુખ એન્ટોનિયો ગુટેરસે આપી છે. આસિયાન સંમેલનમાં ભાગ લેવા માટે બેંગકોક પહોંચેલા ગુટેરસે કહ્યુ હતુ કે, જળવાયુ પરિવર્તનના કારણે દરિયાની સપાટીમાં વધારો થઈ રહ્યો છે. તેવામાં ભારત, ચીન, જાપાન અને બાંગ્લાદેશ પર તેના કારણે સૌથી વધારે જોખમ છે.તેમણે એક જર્નલમાં પ્રકાશિત અહેવાલના હવાલાથી કહ્યુ હતુ કે, દરિયાની સપાટી અનુમાન કરતા પણ વધારે ઝડપતી વધી રહી છે. જો તમામ દેશ જરુરી કાર્યવાહી નહી કરે તો તેનુ પરિણામ બહુ ભયાનક હતા. તેમણે કહ્યુ હતુ કે, દરિયામાં ૩૦ કરોડ લોકો તણાઈ જશે અ્ને સૌથી વધારે ખતરો દક્ષિણ એશિયાના દેશો પર જ છે.થાઈલેન્ડની ૧૦ ટકા વસતી પર તેના કારણે ખતરો સર્જાશે.

ગુટેરસના મતે આ ખતરાને પહોંચી વળવા માટે સદીના અંત સુધી વૈશ્વિક તાપમાનમાં ૧.૫ ડિગ્રી વધારાનો જે અંદાજ છે તેને ખોટો પાડવો પડશે અને તાપમાનમાં થતો વધારો રોકવા માટે કાર્બન એમિશનને ૪૫ ટકા સુધી ઘટાડવુ પડશે. એટલુ જ નહી પણ ૨૦૫૦ સુધીમાં કાર્બન એમિશન શૂન્ય કરવુ પડશે.આ માટે તમામ દેશે પ્રતિબધ્ધતા દાખવવી પડશે.ભવિષ્યમાં કોલસાથી ચાલતા તમામ પાવર સ્ટેશન પર રોક લગાવવી પડશે.

### સ્પોર્ટસ કલબ, અમદાવાદ ખાતે ૧૧ થી ૧૮ નવેમ્બર દરમિયાન

# એઆઈસીએફ ઈન્ટરનેશનલ વુમન ગ્રાન્ડ માસ્ટર રાઉન્ડ રોબીન ટુર્નામેન્ટ



ગાંધીનગર, તા. ૯

ગુજરાત સ્ટેટ ચેસ એસોસીએશન તેમજ સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતના સંયુક્ત ઉપક્રમે "એઆઈસીએફ ઈન્ટરનેશનલ વુમન ગ્રાન્ડ માસ્ટર રાઉન્ડ રોબીન ટુર્નામેન્ટ-૨૦૧૯" ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. આ ટુર્નામેન્ટ તા.૧૧ થી ૧૮ નવેમ્બર, ૨૦૧૯ દરમ્યાન સ્પોર્ટસ કલબ, નવરંગપુરા, અમદાવાદ, ગુજરાત ખાતે ઓલ ઈન્ડિયા ચેસ ફેડરેશનના નેજા હેઠળ રમાશે.

સ્પોર્ટસ કલબ, એ.સી. હોલ, નવરંગપુરા, અમદાવાદ, ગુજરાત ખાતે આયોજિત આ ટુર્નામેન્ટમાં ભારત દેશની ૬ તેમજ આંતરરાષ્ટ્રીય ૬ ચેસ ક્ષેત્રે પ્રતિષ્ઠીત અને પ્રતિભાશાળી મહિલા ખેલાડીઓ મળી કુલ ૧૨ ખેલાડીઓ ભાગ લેવા આવશે, જેમાં પ્રત્યુશા બોડ્ડા (રેટીંગ: ૨૨૮૫), આકાંક્ષા હગવાને (રેટીંગ: ૨૨૩૨), હર્ષીની એ (રેટીંગ: ૨૨૩૦), મૃદુલ દેહાનકર (રેટીંગ: ૨૧૯૮), પ્રિયંકા કે (રેટીંગ: ૨૧૬૯), તનિષ્કા કોટીઆ (રેટીંગ: ૨૧૬૪), ઓલ્ગા બેબી (યુક્રેન) (રેટીંગ: ૨૨૪૯), એના ગવશેલી (જ્યોર્જીયા) (રેટીંગ: ૨૨૪૦), થી મેઈ હન્ગ (વીએટનામ) (રેટીંગ: ૨૨૭૦), ફુઓન્ગ હેન લ્યુઓન્ગ (વીએટનામ) (રેટીંગ: ૨૨૫૯), સારવીનોઝ કર્બોનબોઈવા (ઉઝબેકિસ્તાન, રેટીંગ: ૨૨૬૬) અને એંકટુલ અલ્તાનુઝી (મંગોલીયા) (રેટીંગ: ૨૨૩૭) સામેલ છે. તમામ ખેલાડીઓની રહેવાની તથા જમવાની વ્યવસ્થા કોઈપણ ચાર્જ લીધા સિવાય સ્પોર્ટસ કલબ, નવરંગપુરા, અમદાવાદ ખાતે જ કરવામાં આવેલ છે. ભારત સિંગ ચૌહાણ (સેક્રેટરી, ઓલ ઈન્ડિયા ચેસ ફેડરેશન), અજયભાઈ પટેલ (પ્રેસીડન્ટ એમીરેટ્સ, ગુજરાત સ્ટેટ ચેસ એસોસીએશન), રાકેશ શાહ (પ્રેસીડન્ટ, ગુજરા સ્ટેટ ચેસ એસોસીએશન) તથા અન્ય મહાનુભાવો દ્વારા આ ટુર્નામેન્ટનું ઉદ્દ્ઘાટન તા.૧૧ નવેમ્બર, ૨૦૧૯ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે કરવામાં આવશે. ઈનામોનું વિતરણ તા.૧૮ નવેમ્બર, ૨૦૧૯ના રોજ ૧૫:૦૦ કલાકે થશે. કુલ રૂા.૧૦,૦૦,૦૦૦/-ના રોકડ ઈનામો ૧૨ ખેલાડીઓને એનાયત કરવામાં આવશે.

આ ટુર્નામેન્ટમાં કુલ ૧૧ રાઉન્ડ ફીડેના નિયમ રાઉન્ડ રોબીનથી રમાશે. ચીફ આર્બીટર તરીકે આઈ. જી. પરમાર જેઓની ઓલ ઈન્ડિયા ચેસ ફેડરેશન દ્વારા સીધી નિમણૂંક કરવામાં આવી છે તેઓ ફરજ બજાવશે.

### ૧૨મીથી અમદાવાદ ખાતે

# હઠીસિંહ વિઝ્યુઅલ આર્ટ સૅન્ટરમાં ચૌલા દોશીનાં આર્ટ વર્કનું પ્રદર્શન

ગાંધીનગર, તા. ૯

હઠીસિંહ વિઝ્યુઅલ આર્ટ ગૅલેરી, અમદાવાદ ખાતે ચૌલા દોશીનાં આર્ટ વર્કનું પ્રદર્શન ૧૨થી ૧૭ નવેમ્બર દરમિયાન યોજાઈ રહ્યું છે. ૧૨મીએ સાંજે ૪.૩૦ કલાકે અમદાવાદ મહાનગર પાલિકાનાં મેયર બીજલ પટેલ દ્વારા આ પ્રદર્શનનું ઉદ્દ્ઘાટન કરવામાં આવશે. આ પ્રસંગે ઍનઆઈડીના પૂર્વ ડિરેક્ટર પ્રદ્યુમન વ્યાસ અને ગ્લોબલ હોસ્પિટલના ચેરમેન સુરેશ જાની ઉપસ્થિત રહેશે.

સૌ રંગરસિકોને આ આર્ટ વર્ક પ્રદર્શન નિહાળવા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.



ગુજરાત સ્ટેટ ટેબલ ટૅનિસ ઍસોસિએશનના સલાહકાર ધનરાજ ચૌધરી, ખજાનચી અમિત ચોક્સી, સહ ખજાનચી ઋજુલ પટેલ અને દીવ, દમણ ટેબલ ટૅનિસ ઍસોસિએશનના પ્રમુખ પૂર્વેશ જરીવાલાના હસ્તે નેશનલ ટેબલ ટૅનિસ ચૅમ્પિયનશીપના વિજેતા ખેલાડીઓને ઈનામો એનાયત કરવામાં આવ્યાં હતાં.

### અમદાવાદના આઈ.સી.એ.આઈ. ભવન ખાતે ગુજરેરા હેઠળ

# સી.એ.ની તકો, ભૂમિકાઓ અને જવાબદારીઓ વિષયે સેમિનાર યોજાયો



ગાંધીનગર, તા. ૯

ગુજરાત રાજયના રેરા ઓથોરિટી ચેરમેન અમરજિતસિંહએ જણાવ્યું કે, રિયલ એસ્ટેટ પ્રોજેકટની નોંધણીમાં દેશભરમાં મહારાષ્ટ્ર પહેલા અને ગુજરાત બીજા ક્રમે છે, જે ગુજરાત માટે એક ગર્વ લેવા જેવી વાત છે.

ઈન્સ્ટિટ્યુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ઓફ ઈન્ડિયાની અમદાવાદ શાખા ખાતે આજે ગુજરેરા હેઠળ સી.એ.ની તકો, તેમની ભૂમિકાઓ અને જવાબદારીઓ વિષય પર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે વિશેષ અતિથિ તરીકે ગુજરાત રાજયના રેરા ઓથોરિટીના ચેરમેન અમરજિતસિંહ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે અમરજિતસિંહના હસ્તે રેરાના વિષય પરની બુકનું વિમોચન પણ કરવામાં આવ્યું હતું.

અમરજિતસિંહે જણાવ્યું કે, આજે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટના ક્ષેત્રમાં પુષ્કળ પ્રમાણમાં તકો રહેલી છે. ગુજરાતના દરેક જિલ્લા અને તાલુકામાં આજે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની ડિમાન્ડ છે, ત્યારે દરેક સી. એ. પોતાની ભૂમિકાઓ અને જવાબદારી પ્રમાણિક અને નિષ્ઠતાથી નિભાવવી જોઈએ.

રેરાના નિયમો વિશે વાત કરતાં ચેરમેનએ ઉમેર્યું કે, રેરા પ્રમાણે દરેક રાજ્યે પોતાની એપલેટ ટ્રીબ્યુનલ બનાવી છે, જે ગ્રાહક અને બિલ્ડર વચ્ચે થતા વિવાદનો ઝડપથી ઉકેલ લાવશે. રેરાનો હેતુ દેશભરમાં ડેવેલોપર્સ તેમજ રિયલ એસ્ટેટ એજન્ટોને આવરી લેવાનો છે.

વધુમાં તેમણે જણાવ્યું કે, રેરા રજિસ્ટ્રેશન માટે રજૂ થયેલી તમામ બાંધકામ સ્કીમ્સમાં બિલ્ડર્સ અને પ્રમોટર્સે વેચાણ માટેના એપાર્ટમેન્ટની સંખ્યા, એપાર્ટમેન્ટ્સના પ્રકારો તેમજ દરેક યુનિટના કાર્પેટ એરિયા પ્લાનમાં ફરજિયાત દર્શાવવા પડશે.

આ પ્રસંગે રેરાના નિયમો અને તેની લગતી વિગતોની પણ વિગતવાર માહિતી રેરા ચેરમેન અમરજિતસિંહે ઉપસ્થિત લોકોને આપી હતી. આ પ્રસંગે આઈ.સી.એ.આઈ.ના સેન્ટ્રલ કાઉન્સિલ મેમ્બર સી.એ. અનિકેત તલાટી, રિઝનલ કાઉન્સિલ મેમ્બર સી.એ વિકાસ જૈન સહિત આઈ. સી. એ. આઈ.ની વિવિધ બ્રાન્ચના પદાધિકારીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.